પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક
www.panchmahalsamachar.com

# પંચમહાલ સમાચાર

E-mail : panchmahalsamachar@gmail.com
Panchmahal Samachar Daily News
RNI NO:- 67073/97
વર્ષ:૨૪, અંક:૬૦, કુલ પાના:૪, તારીખ: ૩૦-૧૦-૨૦૨૦ શુક્રવાર, કિંમત રૂ.૧.૫૦/-,VOLUME/YEAR : 24, ISSUE : 60 PRICE :-RS. 1.50 DATE : 30-10-2020
EDITOR, PRINTER PUBLISHER & OWNER : AJAY KANTILAL PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL(GUJARAT)
PRINTED AT: PANCHMAHAL PRESS, MODINI VADI NO-1, STATION ROAD,GODHRA.(PMS) MOBILE : 9429052627 (02672-243351)
Whatsapp No.9712880678

પંચમહાલ સમાચાર ઈ-પેપર જોવા વોટ્સએપ પર નામ લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

### મહિનાના પ્રારંભે પેરિસમાં એક શિક્ષકનો પણ શિરચ્છેદ કરાયો હતો

## ફ્રાન્સના ચર્ચમાં આતંકી હુમલો: ત્રણની નિર્મમ હત્યા, મહિલાનું ગળુ કાપ્યું

નાઈસ,

ફ્રાન્સના નાઈસ શહેરમાં ગુરુવારે નેટ્રોડેમ ચર્ચમાં ચાકુથી હુમલો થતાં ચકચાર જાગી છે. હુમલાખોરે એક મહિલાનું માથુ દેવાયા સહિત ૩ લોકોની હત્યા કરી નાંખી. શહેરના મેયર ક્રિશ્ચિયન એસ્ટ્રોસીએ આને આતંકી હુમલો ગણાવ્યો. મેયર ક્રિશ્ચિયન એસ્ટ્રોસીએ ટ્વીટર પર જણાવ્યું કે નાઈસ શહેરના નોટ્રેડેમ ચર્ચની અંદર કે પાસે ચાકુથી હુમલો થયો હતો. તેમજ પોલીસે હુમલાખોરને પકડી લીધો છે.



હુમલામાં ત્રણ લોકોની હત્યા અને અનેક ઘવાયાની પોલીસે પુષ્ટિ આપી છે. પોલીસ અને ફ્રેન્ચ નેતા મારિન લી પેને જણાવ્યું કે મહિલાનું ચાકુથી શિરચ્છેદ કરાયો છે. ફ્રાન્સના આતંકવાદ વિરોધી ફરિયાદ ખાતાએ જણાવ્યું કે તેમને આ હુમલાની તપાસ કરવાની જવાબદારી સોંપવામાં આવી છે. ઘટનાસ્થળે હાજર રહેલા પત્રકારે જણાવ્યું કે અત્યાધુનિક શસ્ત્રોથી સજ્જ પોલીસે ચર્ચની નાકાબંધી કરી લીધી છે. આ ચર્ચ નાઈસ શહેરના જીન મેડિસીન એવન્યુ ખાતે આવેલં છે. આ શહેરનો મુખ્ય શોપિંગ વિસ્તાર પણ છે. ઘટનાસ્થળે એમ્બ્યુલન્સ અને ફાયર ફાઈટરોની ટીમ પણ આવી ગઈ છે.

નોંધનીય છે કે થોડા દિવસ પહેલાં ફ્રાન્સની રાજધાની પેરિસમાં આ મહિનાના પ્રારંભે ચેચન મૂળના એક શખસે શેમ્યુઅલ પેટી નામના ટિચરનું માથું વાઢી નાંખ્યું હતું. રિપોર્ટ છે કે હુમલાખોર હજરત મુહમ્મદ પૈયગમ્બર સાહેબના કાર્ટૂન દોરવા બદલ શિક્ષકને પાઠ ભણાવવા માંગતો હતો.

આ ઘટનાને ફ્રાન્સના પ્રમુખ ઈમાનુએલ મેક્રોંએ ઈસ્લામિક આતંક ગણાવતા તૂર્કી સહિત મુસ્લિમ દેશોમાં તેમનો વિરોધ થવા લાગ્યો હતો. ઉપરાંત સોશિયલ મીડિયા પર ફ્રાન્સની વસ્તુઓના બહિષ્કારનો ટ્રેન્ડ શરુ થઈ ગયો છે. ભારતમાં પણ તેની અસર જોવા મળી હતી. આજની ઘટનાને પણ પણ આ વિરોધ સાથે સંબંધ હોવાનું કહેવાઈ રહ્યું છે.

આ દરમિયાન ઈરાનના રાષ્ટ્ર પ્રમુખ હસન રૂહાનીએ ફ્રાન્સને ચેતવણી આપી છે કે પયગંબરની ટીકા કરવાથી હિંસા અને રક્તપાતને પ્રોત્સાહન મળશે. રુહાનીએ કહ્યું હતું કે, પશ્ચિમી દેશોએ તે સમજી લેવું જોઈએ કે પયગંબરની ટીકા કરવી તમામ મુસ્લિમો, તમામ પયગંબરો અને બધા માનવીય મલ્યોની ટીકા કરવી છે. પયગંબરની ટીકા કરવાથી કંઈ મળવાનું નથી. આ અનૈતિક છે. આ હિંસાને પ્રોત્સાહન આપશે.

## મોદી કેબિનેટે ઈથેનોલ, જૂટની ખરીદ માટે નવા તંત્રને મંજૂરી આપી

ન્યુ દિલ્હી,

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં ગુરૂવારે કેબિનેટની બેઠક યોજાઈ હતી. કેન્દ્રીય મંત્રી પ્રકાશ જાવડેકરે પત્રકાર પરિષદ યોજીને કેબિનેટના નિર્ણયની જાણકારી આપી હતી. કેબિનેટે ઈથેનોલ, જૂટ અને દેશમાં રહેલા બાંધોનો લઈને નિર્ણય કર્યા છે.

કેન્દ્રીય કેબિનેટે ગુરૂવારે ઈથેનોલ, જૂટની ખરીદ માટે નવા તંત્રને મંજૂરી આપી દીધી છે, સાથે ભાવ વધારો કરવામાં આવ્યો છે. આ સાથે વર્ષ ૨૦૨૦-૨૦૨૧ માટે ઈથેનોલના નવા ભાવ નક્કી કર્યા છે, જે હવે ૬૨.૬૫ રૂપિયા પ્રતિ લીટર હશે.

આ સિવાય જૂટની બેગનો ઉપયોગ વધારવા માટે ખાદ્ય સામાનને જૂટની બેગમાં પેકિંગ કરવામાં આવશે. હવે ખાદ્યનની ૧૦૦ ટકા પેકિંગ જૂટના થેલા અને ખાંડના વીસ ટકા સામાનની પેકિંગ જૂટના થેલામાં થશે. સામાન્ય લોકો માટે જૂટના થેલાના શું ભાવ હશે, તેનો નિર્ણય કમિટી કરશે.


કેબિનેટની બેઠકમાં બાંધોની સુરક્ષા અને જાળવણી માટે યોજનાના બીજા અને ત્રીજા તબક્કાને મંજૂરી આપવામાં આવી છે. આ પરિયોજના બે તબક્કામાં પૂરી થશે, જેનો ખર્ચ ૧૦ હજાર કરોડ રૂપિયા સુધી થશે. આ યોજના હેઠળ હાલના બાંધોને નવી ટેકનીકના આધાર પર તૈયાર કરવામાં આવશે, જે બાંધ ખુબ જૂના થઈ ગયા છે તેમાં સુધાર કરવામાં આવશે અને અન્ય કામોને પૂરા કરવામાં આવશે.

બાંધો સાથે જોડાયેલી યોજનાના બજેટનો ૮૦ ટકા ભાગ વર્લ્ડ બેંક અને AIIBથી આવશે. સાથે ૧૯ રાજ્યોને આ યોજનામાં સામેલ કરવામાં આવ્યા છે. યોજનાના બીજા તબક્કામાં બાંધોની સંખ્યા વધારવામાં આવશે. શરૂઆતમાં કુલ ૭૩૬ બાંધ સામેલ કરવામાં આવ્યા છે. બાંધોની સુરક્ષા સિવાય તેને ટૂરિસ્ટ પ્લેસ બનાવવાનો માર્ગ શોધવામાં આવશે.

## દેશમાં કોરોનાના કેસ ૮૦ લાખને પાર, ૨૪ કલાકમાં ૪૯,૮૮૧ કેસ નોંધાયા

ન્યુ દિલ્હી,

ભારતમાં પૂર ઝડપે ફેલાતા કોરોના વાયરસનું સંક્રમણ કાબુમાં આવતું જોવા મળી રહ્યું છે. સમગ્ર વિશ્વમાં કોરોના વાયરસના સૌથી વધારે કેસ ધરાવતા દેશોની યાદીમાં ભારત દેશ બીજા સ્થાન પર છે. જો કે, છેલ્લા કેટલાક દિવસોથી કોરોનાના નવા નોંધાતા કેસમાં ઘટાડો જોવા મળી રહ્યો છે. સ્વાસ્થ્ય મંત્રાલયના આંકડા પ્રમાણે ગુરૂવારના રોજ છેલ્લા ૨૪ કલાક દરમિયાન નવા ૪૯૮૮૧ કેસ નોંધાયા છે. આ સાથે જ સંક્રમિતોની કુલ સંખ્યા ૮૦,૪૦,૨૦૩ સુધી પહોંચી ગઈ છે.



સ્વાસ્થ્ય મંત્રાલયના આંકડા દરમિયાન દેશમાં કોરોના વાયરસના એક્ટિવ કેસમાં સતત ઘટાડો નોંધાઈ રહ્યો છે. છેલ્લા ૨૪ કલાક દરમિયાન ૫૬૪૮૦ દર્દીઓ કોરોનાની બિમારીમાંથી સ્વસ્થ્ય થઈ ગયા છે. દેશમાં રિકવરી રેટ પણ સતત વધી રહ્યો છે જે રાહતની વાત છે. આ સાથે જ આ આંકડો વધીને ૭૩૧૫૯૮૯ સુધી પહોંચી ગયો છે. જેનાથી સ્પષ્ટ થાય છે કે દેશભરમાં કોરોના વાયરસના એક્ટિવ કેસનો આંકડો ૬૦૩૬૮૭ સુધી પહોંચ્યો છે.

મહીનાઓ પછી છેલ્લા ૨૪ કલાક દરમિયાન દેશમાં ૫૧૭ લોકોએ કોરોના સંક્રમણને કારણે અંતિમ શ્વાસ ભર્યા છે. આ સાથે જ કોરોના સંક્રમણના કારણે મૃત્યુ પામનાર દર્દીઓનો આંકડો વધીને ૧૨૦૫૨૭ સુધી પહોંચી ગયો છે.

જો કે, એક સારી બાબત એ પણ છે કે ભારતમાં ધીમે ધીમે કોરોનાની બિમારીમાંથી સ્વસ્થ્ય થનારા લોકોની સંખ્યા પણ વધી રહી છે. જેને કારણે ભારતમાં હવે કોરોના વાયરસનો રિકવરી રેટ સામાન્ય વધારા બાદ ૯૦.૯૯ ટકા સુધી પહોંચ્યો છે.

દુનિયાભરમાં કોરોના વાયરસના અત્યાર સુધીમાં ૪૪૫૧૭૦૭ કેસ નોંધાઈ ચૂક્યા છે. જેમાંથી ૧૧૭૩૮૦૯ લોકોના મોત નિપજ્યા છે જ્યારે ૩૦૦૪૬૦૫૨ લોકો સ્વસ્થ્ય થવામાં સફળ થયા છે. સમગ્ર દુનિયામાં અત્યારે ૧૩૨૩૧૮૪૬ કેસ એક્ટિવ છે. સતત વધી રહેલા કેસના કારણે દુનિયામાં સૌથી વધારે કેસ ધરાવતા દેશોની યાદીમાં પહેલા સ્થાન પર અમેરિકા, બીજા સ્થાન પર ભારત, ત્રીજા સ્થાન પર બ્રાઝીલ અને ચોથા સ્થાન પર રશિયા છે.

### માયાવતી આગ બબૂલા:

## ૭ બળવાખોર ધારાસભ્યોને સસ્પેન્ડ કર્યા

લખનૌ,

રાજ્યસભાની ચૂંટણીના મુદ્દે પક્ષમાં બળવો કરનારા સાત ધારાસભ્યોને બસપા પ્રમુખ માયાવતીએ તત્કાશ સસ્પેન્ડ કર્યા હતા અને કહ્યું હતું કે વિધાન પરિષદની ચૂંટણી ટાણે હું આ લોકોને જવાબ આપીશ. જરૂર પડ્યે અમે ભાજપને મત આપીશું.



માયાવતીએ કહ્યું કે વિધાન પરિષદની ચૂંટણી ટાણે સપાને હરાવવા અમે અમારી સંપૂર્ણ શક્તિ કામે લગાડી દઈશું. જેવા સાથે તેવા થઈશું. ૧૯૯૫નો કેસ અમે પાછો ખેંચ્યો એ અમારી ભૂલ હતી. માયાવતીએ સપાના અખિલેશ યાદવની આકરી ઝાટકણી કાઢી હતી. તેમણે કહ્યું કે રાજ્યસભાની ચૂંટણીમાં અખિલેશ યાદવ પોતાની પત્ની ડિમ્પલને તક આપી રહ્યા છે તો બસપા એમને સમર્થન આપશે. સતીશ ચંદ્ર મિશ્રાએ સપાના નેતાને ફોન પણ કર્યો હતો પરંતુ અખિલેશે પોતાનો ફોન ઉપાડ્યો નહીં. રાજ્યના તમામ બ્રાહ્મણ સમાજનું તેમણે અપમાન કર્યું.

માયાવતીએ વધુમાં કહ્યું કે સપાના શાસન દરમિયાન ગુંડાઓ અને માફિયાઓ ખુલ્લેઆમ રાજ કરતા હતા એ લોકોએ જોયું છે. હવે સપા ફરી એકવાર લોકોને બેવકૂફ બનાવવા નીકળ્યા છે. પરંતુ અમે સમય આવ્યે તેમને બરાબર પાઠ ભણાવીશું.

રાજ્યસભાની ચૂંટણી દરમિયાન બસપાના સાત ધારાસભ્યોએ બળવો કર્યાથી સ્વાભાવિક રીતેજ માયાવતી ગુસ્સે થયાં છે. આ બળવાખોર ધારાસભ્યો સપામાં જોડાશે એવી એક માન્યતા છે. માયાવતીએ કહ્યું હતું કે મારા પક્ષના ધારાસભ્યોને તોડવાની રમત રમનારને ભારે પડશે એ આવનારો સમય પુરવાર કરશે.

## બનાસકાંઠામાં ભૂકંપનો આંચકો અનુભવાયો, કેન્દ્રબિંદુ પાકિસ્તાન તરફ નીકળ્યું

પાલનપુર,

ગુજરાતના સૌરાષ્ટ્ર અને કચ્છની ધરા વારંવાર ધ્રૂજતી હતી. ત્યારે હવે બનાસકાંઠામાં પણ ભૂકંપના આંચકા અનુભવાયા છે. આ આંચકો રાત્રે અનુભવાયો હતો. બનાસકાંઠાના વાવ નજીક ભૂકંપનો આંચકો આવ્યો હતો, જે ૩.૪ની તીવ્રતાનો હતો. રાત્રે ૮.૫૦ મિનિટે ભૂકંપનો આંચકો આવ્યો હતો. જેમાં ભૂકંપનું કેન્દ્ર બિંદુ વાવથી ૫૨ કિલોમીટર દૂર પાકિસ્તાની તરફ હતું. ૮.૫૦ કલાકે આવેલા આ ભૂકંપનો સમય એવો હતો કે લોકો ઘરમાં જાગતા હતા, તેથી લોક તરત ઘરની બહાર દોડી આવ્યા હતા.

બનાસકાંઠાના અનેક જિલ્લામાં ભૂકંપના આંચકા અનુભવાયા હતા. ત્યારે લોકોએ જીવ બચાવવા ઘરની બહાર દોટ લગાવી હતી. ગુજરાતના ભૂકંપના પાંચ ઝોન છે, જે પૈકી બનાસકાંઠા જિલ્લો ભૂકંપના ઝોન-૩માં આવે છે. બનાસકાંઠા જિલ્લામાં અવાર-નવાર હળવા આંચકા નોંધાતાં હોય છે. ગુજરાતમાં ભૂકંપ માટે સૌથી સંવેદનશીલ વિસ્તાર કચ્છ છે. જે ભૂકંપ ઝોન -૫માં આવે છે. ત્યારબાદ ભૂકંપ ઝોન ૪ મા સૌરાષ્ટ્ર સહિતનો વિસ્તાર તેમજ ઝોન ૩ માં બનાસકાંઠા જિલ્લો આવે છે.

કચ્છ અને સૌરાષ્ટ્રના વિસ્તારની સરખામણીએ બનાસકાંઠા જિલ્લામાં ભૂકંપની તીવ્રતા ઓછી હોઈ શકે છે. જિલ્લામાં નોંધાતા ધરતીકંપના આંચકા અંગેની માહિતી ગાંધીનગર સ્થિતિ સિસ્મોગ્રાફી સેન્ટર ખાતેથી મળે છે. સામાન્ય રીતે ભૂકંપ આવે તે બાદ તેના આફટર શોક નોંધાતા હોય છે. જેની તીવ્રતા ઓછી હોય છે.'

# હાર્દિક શ્રદ્ધાંજલિ

સમય જીંદગીનો ઓછો હશે ક્યાં ખબર હતી, વિદાય તમારી અણધારી હશે ક્યાં ખબર હતી. ક્ષણવારમાં અંધકાર છવાઈ ગયો, વિદાય એવી લીધી કે મન હજી માનતું નથી કે તમો અમારી વચ્ચે નથી.
પ્રભુ તમારા દિવ્ય આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના.



**સ્વ. અજયકુમાર કાંતિલાલ પંચાલ**
**જન્મ તા.૨૬/૧૨/૧૯૬૪ | સ્વ.તા.૨૩/૧૦/૨૦૨૦**

| | | | | |
|---|---|---|---|---|
| અરૂણ વૈષ્ણવ | ચિરાગ મહેતા | અનસ મીઠા | અમરીષ પંચાલ | નાનાભાઈ પંચાલ |
| કરણ પંચાલ | મયુર જાની | રાજેશ પટેલ | ઈલ્યાસ શેખ | બશીર પઠાણ |
| યતિન સુથાર | તુષાર દરજી | યોગેશ કનોજીયા | કિરણ પટેલ | વિરભદ્ર સિસોદીયા |
| કુંદન બારીયા | પ્રિતેશ દરજી | જયેશ સોની | વિનોદ પંચાલ | અર્જૂન ભરવાડ |
| જીગ્નેશ પરમાર | રમેશ વણકર | મુકેશ ગોહિલ | શૈલેષ ભુરીયા | વિપુલ જોષી |
| અનિલ નાગર | રાજેશ રાણા | આસીફ ધંત્યા | હસમુખ શિકારી | મો.હુસૈન મકરાણી |
| નુર બાલા | શાહીદ ભાયા | શોકત પોસ્તી | નિલેષ જોષી | સંકેત પંડ્યા |
| જયદીપ ઠાકોર | જનક મિસ્ત્રી | નરેન્દ્ર પરમાર | રાજુ શાહ | અતુલ સોની |
| જયવીરસિંહ સોલંકી | શૈલેષ ચૌહાણ | ધ્રુમીલ શાહ | ધર્મેશ પટેલ | હિમાંશુ પંડ્યા |

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.
- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઈઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

એ. વી. બારીઆ
મુ. કોહીવાવ, તા. હાલોલ

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.
- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઈઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

રાઠોડ બલદેવસિંહ ચંદ્રસિંહ
હાલોલ

મહિસાગર આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા
પંચમહાલ સમાચાર

# મહીસાગર જિલ્લામાં આજે ૦૨ પોઝિટિવ કેસ નોંધાયા

લુણાવાડા,

કોરોના વાયરસની સામે લડવા કેન્દ્ર અને રાજય સરકારે અગમચેતીનાં સંખ્યાબંધ પગલાંઓ લીધા છે. કોરોના સામે લડવા લોકોની જાગૃતિ એટલી જ જરૂરી છે. જાગૃતિ અને સાવધાની એ જ બચાવનું શ્રેષ્ઠ માધ્યમ સાબિત થયા છે. ત્યારે મહીસાગર જિલ્લા કલેકટર આર. બી. બારડ અને જિલ્લા વિકાસ અધિકારી નેહા કુમારીના સીધા માર્ગદર્શન હેઠળ જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા અનેકવિધ પગલાંઓ ભરવામાં આવી રહ્યા છે.

મહીસાગર જિલ્લામાં આજે કડાણા તાલુકાની ૦૧ સ્ત્રી, લુણાવાડા તાલુકાની ૦૧ સ્ત્રીનો કોરોના રીપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આમ, જિલ્લામાં કોરોના (COVID 19)ના અત્યાર સુધીમાં એટલે કે તારીખ ૨૯-૧૦-૨૦૨૦ના સાંજના ૫-૦૦ વાગ્યા સુધીમાં ૧૨૭૦ કેસ પોઝીટીવ નોધાયા છે. આજે જિલ્લાસમાં સારવાર લઈ રહેલ દર્દીઓ પૈકી સંતરામપુર તાલુકાના ૦૧ પુરૂષ, વિરપુર તાલુકાની ૦૧ સ્ત્રીએ કોરોનાને મહાત આપતાં રજા આપવામાં આવતાં સ્વગૃહે પરત ફર્યા છે. આમ, જિલ્લાંમાં અત્યાર સુધીમાં કુલ ૧૧૮૫ દર્દીઓ સ્વસ્થ થઇને સ્વગૃહે પરત ફર્યા છે.

જિલ્લામાં કોરોનાના સંક્રમણને કારણે ૮ વ્યક્તિનું મૃત્યુ થયા છે. જયારે અન્ય કારણથી ૩૪ દર્દીનુ મૃત્યુ થતાં જિલ્લામાં કુલ ૪૨ મૃત્યુ નોંધાવા પામ્યા છે. અત્યાર સુધીમાં જિલ્લામાં સીઝનફ્લુ/ કોરોનાના કુલ ૬૯૬૩૧ રીપોર્ટ નેગેટીવ આવ્યા છે. તેમજ જિલ્લાના ૧૯૮ વ્યકિતઓને હોમ ક્વોરોન્ટાઇલ હેઠળ રાખવામાં આવ્યા હોવાનું મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીએ જણાવ્યું છે.

મહીસાગર જિલ્લામાં કોરોના પોઝીટીવના કારણે ૦૭ દર્દી કે. એસ. પી હોસ્પિટલ બાલાસિનોર, ૦૮ દર્દી ડીસ્ટ્રીમકટ હોસ્પિ્ટલ, લુણાવાડા, ૨૦ દર્દી હોમ આઇસોલેશન, ૦૧ દર્દી લુણાવાડા શિતલ નર્સિંગ કોલેજ (CCC) અને ૦૭ દર્દી અન્ય જિલ્લા ખાતે સારવાર હેઠળ છે. કોરોના પોઝીટીવ આવેલ દર્દીઓ પૈકી ૩૯ દર્દીઓ સ્ટેબલ, ૦૪ દર્દીઓ ઓક્સિજન પર છે.

# લુણાવાડા ખાતે નવીન આધાર કેન્દ્રનો પ્રાંત અધિકારીના હસ્તે શુભારંભ



તસ્વીર : કિરન પટેલ, લુણાવાડા

લુણાવાડા,

મહીસાગર જિલ્લા મથક લુણાવાડા ખાતે નવીન આધાર કેન્દ્ર શરૂ કરવામાં આવેલ છે જેથી આધાર કાર્ડ કામગીરી અંગે આવતા લોકોને રાહત મળી રહેશે. ભારત સરકારના UIDAI અને સીએસસી ઈ ગર્વનન્સ દ્વારા તારીખ.૨૯ ઓક્ટોબર ૨૦૨૦ થી આધાર સેવા કેન્દ્ર લુણાવાડા મુકામે ૩૦૬, સાઈ કોમ્પલેક્ષ જિલ્લા સેવા સદનની પાછળ પૂજારા મોબાઈલ ના શો રૂમની ઉપર લુણાવાડા પ્રાંત અધિકારી બ્રિજેશ મોડીયાના વરદ હસ્તે અને અધિક જિલ્લા આરોગ્ય અધિકારી બિરેન્દ્રસિંહની ઉપસ્થિતિમાં આજ રોજ શુભારંભ કરવામાં આવ્યો છે.

આ આધાર કેન્દ્ર પર દૈનિક ૬૦ લોકોની આધાર કાર્ડ અંગેની કામગીરી શરૂ થયેલ છે. આ આધાર કાર્ડ કામગીરી માટે UIDAI ની વેબસાઈટ ઉપર ઓનલાઈન એપોઈમેન્ટ લઈને આવશે અને તેમનું નિર્ધારીત સમયમાં આધાર કાર્ડ અંગેનું કામ પુર્ણ થઈ જશે અને વધુમાં દિવ્યાંગ વ્યકિતઓને ઓનલાઈન એપોઈમેન્ટ વગર પણ પ્રાથમિકતા આપી આધાર કાર્ડ ની કામગીરી કરી આપવામાં આવશે. આ આધાર કેન્દ્ર પર નવા આધાર કાર્ડ બનાવી આપવા આવશે અને આધાર ને લગતા તમામ સુધારાઓની સુવિધા પણ આ કેન્દ્ર પર ઉપલબ્ધ રહેશે. આ આયોજન ભારત સરકારના મિનિસ્ટ્રી ઓફ ઈન્ફોર્મેશન ટેકનોલોજીથી ચાલતા CSC SPV ના જિલ્લા મેનેજર ફેસલ ખાતુડા, સાગર સોની અને અબ્દુલ શેખ દ્વારા કરવામાં આવી છે.

# પંચમહાલ જિલ્લામાં રાષ્ટ્રીય એકતા દિનના શપથ લેવાયા




ગોધરા,

લોહપુરૂષ સ્વ. સરદાર વલ્લભભાઈ પટેલની જન્મજયંતિ- ૩૧ ઓક્ટોબરના દિવસને દર વર્ષે રાષ્ટ્રીય એકતા દિવસ તરીકે ઉજવણી કરવામાં આવે છે. આ ઉજવણીના ભાગ રૂપે પંચમહાલ જિલ્લામાં પણ વિવિધ સરકારી કચેરીઓમાં એકતા દિનના શપથ લેવામાં આવ્યા હતા. જિલ્લા સેવા સદન ખાતે પંચમહાલ જિલ્લા કલેકટર અમિત અરોરાએ તથા નિવાસી અધિક કલેકટર એલ.બી.બાંભણિયાની અધ્યક્ષતામાં અન્ય અધિકારીઓ-કર્મચારીઓએ શપથ લીધા હતા. રાષ્ટ્રની એકતા, અખંડિતતા અને સુરક્ષા જાળવી રાખવા માટે સ્વયંને સમર્પિત કરવા માટેના શપથ લેવામાં આવ્યા હતાં. જિલ્લામાં વહીવટીતંત્રના વિવિધ વિભાગો-શાખાઓમાં આ અંગેના કાર્યક્રમ સોશિયલ ડિસ્ટન્સિંગના પાલન સાથે યોજાયા હતા.

# અર્બન હેલ્થ સેન્ટર લુણાવાડા દ્વારા હેલ્થ એન્ડ ન્યુટ્રીશન દિવસ ની ઉજવણી ના ભાગ રૂપે આરોગ્ય લક્ષી કામગીરી કરાઇ

લુણાવાડા,

કોરોનાની મહામારીમાં જિલ્લાના નાગરિકોને કોરોના વાયરસના સંક્રમણથી સુરક્ષિત રાખવા અને રોગ પ્રતિકારક શક્તિમાં વધારો થાય અને તેમની તંદુરસ્તી જળવાઈ રહે તે માટે જિલ્લા કલેકટર આર.બી બારડ અને જિલ્લા વિકાસ અધિકારી નેહા કુમારીના માર્ગદર્શન હેઠળ અને જિલ્લા આરોગ્ય અધિકારી તેમજ જિલ્લા આયુર્વેદિક અધિકારીની રાહબરી હેઠળ આયુષ મંત્રાલયના દિશા નિર્દેશ પ્રમાણે જિલ્લા- તાલુકા અને ગ્રામ્ય સ્તર સુધીના આરોગ્યના કર્મીઓ સતત અવિરતપણે પોતાની ફરજો અદા કરી રહ્યા છે. હેલ્થ એન્ડ ન્યુટ્રીશન દિવસ ની ઉજવણીના ભાગ રૂપે અર્બન હેલ્થ સેન્ટર લુણાવાડાના મેડીકલ ઓફિસર કલ્પેશ સુથાર અને તેમની આરોગ્ય ટીમ દ્વારા બાળકો નું ગ્રોથ મોનીટરીંગ, તેમજ રસીકરણ કામગીરી તેમજ ભરવાડ વાસ, આરામ પુરા અને મોડાસા ફળિયા ખાતેની એએનસી અને પીએનસી ની હોમ વિઝિટ, તેમજ અર્બન હેલ્થ સેન્ટર લુણાવાડા ના મલ્ટી પર્પઝ હેલ્થ વર્કર દ્વારા લુણાવાડા ના શાંતિ નગર, રામ નગર, પેલેસ સોસાયટી, ડુંગરા ભીંત વિસ્તાર મા પોરા નાશક પ્રવૃતિ તેમજ ડિસ્ટ્રિક્ટ કોર્ટ ખાતે અર્બન હેલ્થ લુણાવાડા ની મેડિકલ ટીમ તેમજ રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમની ટીમ દ્વારા રેપિડ એન્ટી જન ટેસ્ટ કામગીરી તેમજ કૃષ્ણ કારવા અને સુવર્ણ એપાર્ટમેંટ કન્ટેઈનમેંટ એરિયા માં રોગ પ્રતિ કારક શક્તિ વધારતી હોમિયોપથીક દવા આર્સેનીક આલ્બ, તેમજ આયુર્વેદિક ઉકાળા ના પેકેટ તેમજ રોગ પ્રતિકારક કીટ વિતરણ કરવામાં આવ્યું હતું.

# ફતેપુરા તાલુકાના મોટીબારાથી વર્ના ગાડીમાં ઈંગ્લિશ દારૂ સાથે પસાર થતાં બુટલેગરની ફતેપુરા પોલીસે ધરપકડ કરી

દાહોદ,

દાહોદ જિલ્લો રાજસ્થાન અને એમ પી ને અડીને આવેલો છે ત્યારે રાજસ્થાન અને એમપીમાં દારૂની છૂટ છે તેને ધ્યાનમાં લઈ આજરોજ ફતેપુરા તાલુકામાં દારૂની હેરાફેરી કરતો એક ખેપિયો ઝડપાયોહતો રાજસ્થાન મધ્યપ્રદસ તરફથી ઈંગ્લીશ દારૂનું વહન કરી રહ્યા છે.તેમાં કેટલાક બુટલેગરો સહી સલામત જે તે જગ્યા ઉપર પહોંચી જાય છે.પરંતુ દારૂનું વહન કરવામાં આવતા વાહનની સચોટ બાતમી આપવામાં આવેલ હોય તેવા દારૂનું વહન કરતા વાહનો પોલીસના હાથે ઝડપાઇ છે. તેવી જ રીતે ગતરોજ ફતેપુરા તાલુકાના મોટી બારા ગામેથી ઈંગ્લિશ દારૂ સાથે પસાર થઈ રહેલા બુટલેગરને ફતેપુરા પોલીસે ઝડપી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હોવાનું જાણવા મળે છે.મંગળવારના રોજ ફતેપુરા પોલીસ ખાનગી ગાડીમાં ઘુઘસ આઉટ પોસ્ટ પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં નીકળેલા હતી. તેવા સમયે મોટીબારા ગામે આવતા ખાસ બાતમીદાર દ્વારા બાતમી આપવામાં આવેલ કે, હોન્ડા કંપનીની વરના ગાડી નંબર.જીજે-૦૫.સી.એચ-૩૨૧૪ રાજસ્થાન તરફથી મોટીબારા ગામે રસ્તા ઉપરથી પસાર થનાર હોવાની બાતમી મળતા ફતેપુરા પોલીસ મોટી બારા ગામે વોચમાં ગોઠવાઈ ગઈ હતી. અને વર્ણન વાળી ગાડી આવતા આ ગાડીને પોલીસે ઉભી રાખવાની કોશિશ કરતા તેનો ચાલક ગાડીને હંકારી ગયો હતો.ત્યારબાદ આ બાતમી વાળી ગાડીનો પીછો કરી સુખસર પોલીસે તેની ગાડીની ઓવરટેક કરી ગાડી ઉભી રખાવતા અને આ ગાડીમાં તપાસ કરતા અલગ-અલગ બ્રાન્ડનો ભારતીય બનાવટનો અનઅધિકૃત ઈંગ્લીશ દારૂની નાની બોટલો નંગ-૧૫૬ જેની કિંમત રૂપિયા ૨૬,૮૬૮/- મળી આવ્યો હતો.જ્યારે આ ઈંગ્લીશ દારૂની હેરાફેરી કરવા માટે ઉપયોગમાં લેવાચેલ વર્ના ગાડીની કિંમત રૂપિયા ૨૦૦,૦૦૦/- મળી કુલ રૂપિયા-૨,૨૬૮૬૮/- નો મુદ્દામાલ ફતેપુરા પોલીસે જપ્ત કર્યો છે.તેમજ દારૂની હેરાફેરી કરનાર વરના ગાડીના ચાલકનું નામ પુછતાં તેણે મુનિષ જવરસિંગ જાતે બગેલ, રહે.લેકાવાડા પદરાવાસ,સીઆરપીએફ કેમ્પ નજીક, તાલુકો.ચિલોડા,જીલ્લો ગાંધીનગરનો અને તેનું મૂળ વતન મચકછા,તા. માધવગઢ,જી.જલુન.(ઉત્તર પ્રદેશ)નો હોવાનું જણાવેલ.

ઉપરોક્ત બાબતે ફતેપુરા પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા અ.હે.કો વિનુજી મેરૂજીએ ફરિયાદ આપતા આરોપી મનીષ બગેલની વિરૂદ્ધમાં પ્રોહીબીશન પ્રતિબંધક એરિયામાં વગર પાસ પરમીટે પોતાના કબજા ભોગવટાની ગાડીમાં ઈંગ્લીશ દારૂની હેરાફેરી કરવા બાબતે કાયદેસરનો ગુનો દાખલ કરી ગાડી સહિત ઈંગ્લિશ દારૂ કબજે લઈ પોલીસે આગળની તપાસ હાથ ધરી હોવાનું જાણવા મળે છે.

# મહીસાગર જિલ્લા કલેક્ટર સહિત અધિકારીઓ-કર્મચારીઓ અને નાગરિકોએ રાષ્ટ્રીય એકતાના શપથ લીધા



તસ્વીર : કિરન પટેલ, લુણાવાડા

લુણાવાડા,

૩૧ ઓક્ટોબરે લોહ પુરૂષ સ્વ. સરદાર વલ્લભભાઈ પટેલની જન્મજયંતિ છે. આ દિવસને રાષ્ટ્રીય એક્તા દિવસ તરીકે ઉજવવામાં આવે છે. એકતા દિવસ નિમિત્તે દેશની એકતા, અખંડતા અને સુરક્ષાને જાળવી રાખવા આંતરિક સુરક્ષામાં સ્વયોગદાન આપવાની શપથ લેવામાં આવે છે. તે અંતર્ગત વૈશ્વિક મહામારી કોરોનાના સમયમાં માસ્ક, સોશિયલ ડિસ્ટ્ન્સીંગના પાલન સાથે મહીસાગર જિલ્લાના વડા મથક લુણાવાડા ખાતે જિલ્લૌ સેવા સદનમાં જિલ્લા કલેકટર આર. બી. બારડ સહિત જિલ્લાસ પંચાયત ખાતે જિલ્લાર વિકાસ અધિકારી નેહા કુમારી તથા જિલ્લાના તમામ ઉચ્ચ અધિકારીઓ અને કર્મચારીઓ સહિત જિલ્લા-તાલુકાની તમામ સરકારી કચેરીઓમાં અધિકારીઓ અને કર્મચારીઓએ શપથ ગ્રહણ કર્યા હતા.

રાષ્ટ્રીય એકતા દિવસ નિમિતે હું સત્યનિષ્ઠા સાથે શપથ લઉં છું કે હું રાષ્ટ્રની એકતા, અખંડતા અને સુરક્ષા જાળવી રાખવા માટે સ્વયંને સમર્પિત કરીશ અને મારાં દેશવાસીઓમાં પણ આ સંદેશ ફેલાવવાનો પૂરો પ્રયત્ન કરીશ. હું આ શપથ મારા દેશની એકતાની ભાવનાથી લઈ રહ્યો છું જે સરદાર વલ્લભભાઈ પટેલની દૂરંદેશી અને કાર્યો થકી સંભવ બની છે. હું મારા દેશની આંતરિક સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે મારૂં પોતાનું યોગદાન આપવા માટે પણ સત્યનિષ્ઠા સાથે શપથ લઉં છું. સમગ્ર જિલ્લાર-તાલુકાના અધિકારીઓ-કમર્ચારીઓ સહિત નાગરિકોએ શપથ ગ્રહણ કરી રાષ્ટ્રીય એકતાને સુદ્દઢ બનાવવા પ્રતિબધ્ધસતા વ્યક્ત કરી હતી.

# હાલોલના ચંદ્રાપુરા પાસે અકસ્માતમાં મરણ ગયેલ યુવાનનું PM ન કરવા બદલ પોલીસ ફરિયાદ

હાલોલ,

હાલોલના ચંદ્રાપુરા ગામે થયેલ અકસ્માતમાં ઈજાગ્રસ્ત થયેલ હોય તે અંગે હાલોલ પોલીસ મથકે ફરિયાદ નોંધાયેલ હતી. અને ઈજાગ્રસ્તને સારવાર અર્થે ગોત્રી હોસ્પિટલમાં દાખલ કરેલ જયાં સારવાર દરમ્યાન મરણ જતાં હોસ્પિટલના તબીબ સામે ફરિયાદ નોંધાવેલ હોવાની હકીકત છુપાવી પી.એમ. નહી કરાવી અંતિમવિધી કરી દેતા ફરિયાદ નોંધાઈ. પ્રાપ્ત વિગતો પ્રમાણે હાલોલ ચંદ્રાપુરા ગામે ૯ સપ્ટેમ્બરના રોજ અકસ્માતમાં કમલેશ મકવાણાને ઈજાઓ થતાં અકસ્માત બાબતે હાલોલ પોલીસ મથકે ફરિયાદ નોંધાવવામાં આવી હતી. ઈજાગ્રસ્ત કમલેશભાઈ મકવાણાને સારવાર માટે વડોદરા ગોત્રી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન ઈજાગ્રસ્તનું મરણ થયું હતું. અકસ્માતની ઘટનામાં પોલીસ મથકે ફરિયાદ કરવામાં આવી છે. તે બાબત મુતકના પિતાએ છુપાવીને મૃતકના લાશનું પી.એમ.કરાવી મૃતદેહ ઘરે લાવી અંતિમ સંસ્કાર કરી નાખતાં આ બાબતે હાલોલ પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ.

# મરાઠી સેકન્ડરી સ્કૂલ દાહોદ શ્રીમતી નિતાબેન. કે. મિશ્રાનો વિદાય સમારંભ યોજાયો

દાહોદ,

દક્ષિણી શિક્ષણ સંસ્થા દ્વારા સંચાલિત મરાઠી સેકન્ડરી સ્કૂલ દાહોદના મદદનીશ શિક્ષિકા શ્રીમતી નિતાબેન કે. મિશ્રાની વયનિવૃતીના કારણે સેવાકીય નિવૃત્તિ થતાં તાઃ૨૮/૧૦/૨૦ ગુરૂવારના રોજ શાળા પરિવારની હાજરીમાં વિદાય સમારંભનું આયોજન કરવામાં આવેલ. જેમાં શ્રીમતી નિતાબેનની શૈક્ષણિક સેવાકીય પ્રવૃતિ બિરદાવી શાળા સંચાલક કંચન પટેલ અને આચાર્ય પ્રદીપસિંહ એમ રાઠોડ તથા સહકર્મચારી અને તેમના પરિવારજનોએ નિતાબેનને ભાવભીની શુભેચ્છાઓ આપી વિદાય કર્યા હતા.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૬, શાલિવાહન શક-૧૯૫૨, વીર સંવત-૨૫૫૬, ઈસ્લામીક સંવત-૨૫૫૫, તા.૩૦-૧૦-૨૦૨૦, શુક્રવાર, નિજ આસો સુદ-૧૪, સૂર્યોદય-૬-૫૧, સૂર્યાસ્ત-૬-૦૯, જૈન નવકારશી-૭-૩૯, આજની રાશિ: મીન (દ.ચ.ઝ.થ.), નક્ષત્રઃ રેવતી

| | |
|---|---|
| સૂર્ય-કુંભ<br>ચંદ્ર-કર્ક<br>મંગળ-ધન<br>બુધ-કુંભ<br>ગુરૂ-ધન<br>શુક્ર-મેષ<br>શનિ-મકર<br>રાહુ-મિથુન<br>કેતુ-ધન<br>હર્ષલ-મેષ<br>નેપ્ચ્યુન-કુંભ<br>પ્લુટો-મકર | - શુભ ચોઘડીયા -<br>૧૨-૦૮થી અભિજીત-૧૨-૫૩ સુધી, ૬-૫૧થી ચલ-લાભ-અમૃત-૧૧-૦૬ સુધી, ૧૨-૩૦થી શુભ-૧૩-૫૫ સુધી, ૧૬-૪૫થી ચલ-૧૮-૦૯ સુધી ૨૧-૨૦થી લાભ-૨૨-૫૫ સુધી<br><br>- શુભ હોરા-<br>૬-૫૧થી ૯-૪૧ સુધી, ૧૦-૩૭થી ૧૧-૩૪ સુધી, ૧૩-૨૭થી ૧૬-૧૬ સુધી, ૧૭-૧૩થી ૧૮-૦૯ સુધી |

## પૂર્વ મુખ્યમંત્રી અને ભાજપના પીઢ નેતા કેશુભાઈ પટેલનું ૯૨ વર્ષની વયે નિધન

# રાજયના ભીષ્મપિતામહ કેશુભાઈ પટેલ પંચમહાભૂતમાં વિલિન



ગાંધીનગર,

ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી અને ભારતીય જનતા પાર્ટીના પીઢ નેતા કેશુભાઈ પટેલનું ૯૨ વર્ષની વયે નિધન થયું છે. તેમના અંતિમ સંસ્કાર સંપૂર્ણ રાજકીય સન્માન સાથે ગાંધીનગર ખાતે આવેલ સેક્ટર-૩૦ના સ્મશાન ગૃહ ખાતે કરવામાં આવ્યા હતા. જ્યાં ગણતરીની મિનિટોમાં તેમનો પાર્થિવ શરીર પંચમહાભૂતમાં વિલિન થઇ ગયું હતું. કેશુબાપાનો ગાર્ડ ઓફ ઓનર આપવામાં આવ્યું હતું. તેમના અંતિમ દર્શનમાં લોકોની ભારે ભીડ ઉમટી હતી. મુખ્યમંત્રી, ઉપમુખ્યમંત્રી સહિતના લોકો અંતિમયાત્રામાં જોડાયા હતા. ગુજરાતમાં ભારતીય જનતા પાર્ટીમાં કેશુભાઈ પટેલનું ખૂબ મહત્ત્વનું યોગદાન રહ્યું છે. શ્વાસ લેવામાં તકલીફ ઊભી થયા બાદ આજે તેમને સારવાર માટે સ્ટર્લિંગ હૉસ્પિટલ ખાતે લઈ જવામાં આવ્યા હતા. આ દરમિયાન તેમનું નિધન થયું હતું. હૉસ્પિટલ ખાતે જ તેમણે અંતિમ શ્વાસ લીધા હતા. મુખ્યમંત્રી વિજય રૂપાણી, નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ, પ્રદેશ ભાજપ અધ્યક્ષ સી.આર. પાટીલ સહિતના ભાજપના નેતાઓએ આજે કેશુભાઈ પટેલના નિવાસ્થાને પહોંચીને તેમને શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી. કેશુભાઈ પટેલના નિધનના સમાચાર આવતાં જ રાજ્ય સરકાર દ્વારા તમામ સરકારી કાર્યક્રમો રદ કરાયા છે અને ૧ દિવસનો રાજકીય શોક જાહેર કર્યો છે.

કેશુબાપાની તબિયત એકાએક લથડતાં ૧૦ દિવસ પહેલાં જ તેમને અમદાવાદની સ્ટર્લીંગ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. તબિયત સારી થતાં બે દિવસ પહેલાં જ તેઓને રજા અપાઈ હતી. પરંતુ અચાનક આજે વધુ તબિયત લથડતાં ફરીથી કેશુબાપાને સ્ટર્લિન હોસ્પિટલમાં દાખલ કરાયા હતા. જ્યાં હોસ્પિટલના ડોક્ટર અક્ષય પટેલ તેમની સારવા કરી રહ્યા હતા. તેમણે ઘણાં પ્રયાસો કર્યા. પરંતુ તેઓને સફળતા ન મળી. કેશુબાપાને હાર્ટએટેક નીસાથે સાથે શ્વાસ લેવામાં તકલીફ પડતી હતી. તેઓને હોસ્પિટલ લવાયા ત્યારે બેભાન અવસ્થામાં જ હતા અને એકાદ કલાકમાં જ તેઓનું નિધન થયું હતું.

સ્ટ્રલિંગ હોસ્પિટલના ડોક્ટર અક્ષયે જણાવ્યું હતું કે કેશુબાપાનું નિધન ૧૧:૫૫ કલાકે થયું છે. તેમને ડાયાબિટીસ, હાઈ બીપી જેવી સમસ્યાઓ હતી. સવારે તેમને હોસ્પિટલે લવાયા ત્યારે શ્વાસ લેવામાં તકલીફ પડી રહી હતી. બાપાની ૩૦ મિનિટ સુધી સારવાર ચાલી, પરંતુ તેઓ રિકવર ન થઈ શક્યા. કેશુબાપાને હોસ્પિટલ ખાતે લાવવામાં આવ્યા હતા લાવ્યા ત્યારે તેમને બેભાન અવસ્થામાં લાવવામાં આવ્યા હતા એક કલાક બાદ તેઓનું અવસાન થઈ ગયું હતું

દરમિયાન ગત ૧૮ સપ્ટેમ્બરના રોજ કેશુભાઈ પટેલનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતો. ડોક્ટરની સલાહ મુજબ તેમને હોમ ક્વોરેન્ટાઇન કરવામાં આવ્યા હતા. છ વખત ધારાસભ્ય તરીકે ચૂંટાયેલા કેશુભાઈ માર્ચ ૧૯૯૫ થી ઓક્ટોબર ૧૯૯૫ અને માર્ચ ૧૯૯૮ થી ઓક્ટોબર ૨૦૦૧ સુધી એમ કુલ બે વખત ગુજરાતના મુખ્યમંત્રી પદ પર રહી ચૂક્યા છે. ૨ ઓક્ટોબર ૨૦૦૧ના રોજ તેમણે મુખ્યમંત્રી પદ પરથી ખરાબ તબિયતને કારણે રાજીનામું આપ્યું. ૨૦૦૨ની ચૂંટણીઓમાં કેશુભાઈએ ઉમેદવારી ન કરી. કેશુભાઈ પટેલનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યા બાદ મુખ્યમંત્રી રૂપાણી અને નાયબ મુખ્યમંત્રીએ પણ તેમના ખબર અંતર પૂછ્યા હતા.

મુખ્યમંત્રી તરીકેના કાર્યકાળમાં કેશુભાઈ પટેલે ગોકુળિયું ગામ યોજના શરૂ કરી હતી. આ યોજના પાછળનો ઉદેશ્ય ગામડાઓમાં પણ શહેર જેવી સુવિધા ઊભી કરવાનો હતો. આ યોજનાની ખૂબ જ પ્રશંસા કરવામાં આવી હતી. આ ઉપરાંત ભૂકંપ વખતે પણ તેમણે ખૂબ જ સારી એવી કામગીરી કરી હતી.

કેશુભાઈ પટેલ વર્ષ ૧૯૯૫ અને વર્ષ ૧૯૯૮થી ૨૦૦૧ સુધી એમ બે વખત ગુજરાતના મુખ્યમંત્રી પદે રહી ચુક્યા છે. આ ઉપરાંત કેશુભાઈ પટેલ છ વખત ધારાસભ્ય તરીકે ચૂંટાયા છે. ૧૯૪૫માં કેશુભાઈ પટેલ પ્રચારક તરીકે રાષ્ટ્રીય સ્વયંમસેવક સંઘમાં જોડાયા હતા. ૧૯૮૦માં તેઓ ભારતીય જનતા પાર્ટીમાં જોડાયા હતા.

ચોથી ઓગસ્ટ ૨૦૧૨ના રોજ કેશુભાઈ પટેલે ગુજરાત વિધાનસભાની ચૂંટણી માટે GPP એટલે કે 'ગુજરાત પરિવર્તન પાર્ટી' નામે એક નવો રાજકીય પક્ષ સ્થાપ્યો હતો અને ભાજપમાંથી રાજીનામું આપ્યું હતું. જોકે, જાન્યુઆરી ૨૦૧૪માં તેમણે ગુજરાત પરિવર્તન પાર્ટીના પ્રમુખ પદેથી રાજીનામું ધરી દીધું હતું. જે બાદમાં જીપીપી પાર્ટીનું ભાજપામાં વિલિનીકરણ થયું હતું. ૨૦૧૪માં જ કેશુભાઈએ ખરાબ તબીયતને પગલે ધારાસભ્ય તરીકે રાજીનામું ધરી દીધું હતું.

# ઝાલોદ પાલિકા સદસ્ય હિરેન પટેલ હત્યા કેસની તપાસો પાલિકા ઉપર સ્થિર થઈ છે ત્યારે આ ચર્ચા અફવા પણ હોઈ શકે છે?

ઝાલોદ,

ઝાલોદ નગર પાલીકાના સદસ્ય હિરેન પટેલના અકસ્માતે હત્યાને અંજામ આપવાના આરોપ હેઠળ ઝડપાયેલા ૬ સોપારી કિલરો જ્યુડીશિયલ કસ્ટડીમાં ગયા બાદ દાહોદ જિલ્લા પોલીસ તંત્રની તપાસોના ધમધમાટો લોકપ્રિય અગ્રણી હિરેનભાઈની હત્યા કરવા માટે લાખ્ખો રૂપિયાની સોપારીઓના અસલી સોદાગર ચહેરાઓ કોણ હશે? અને દાહોદ જિલ્લા પોલીસ તંત્ર દ્વારા માંગવામાં આવેલા છેલ્લા અઢી વર્ષોના ઝાલોદ ન.પાલિકાના વહીવટમાં છુપાયેલા રહસ્યો ક્યાંક પાલીકા સદસ્ય હિરેન પટેલની સતત જાગૃતતાઓ સાથે સત્ય આધારીત રજુઆતો કરવાની તેઓનો ભય મુક્ત વિરોધ ક્યાંક તેઓની હત્યામાં કારણભૂત તો નથી ને? આ અંગે ઝાલોદ નગરના પ્રજાજનોમાં ચાલી રહેલ ચર્ચાઓ અને દાહોદ જિલ્લા પોલીસ તંત્રની લગભગ અંતિમ તબક્કાઓમાં પહોંચેલ હિરેન પટેલે હત્યા પ્રકરણમાં સામેલ મુખ્ય ચહેરાઓ હવે બહુ દુર તો નથી જ!

આ ઘટનાક્રમ વચ્ચે કહેવાય છે કે, ઝાલોદથી અંદાજે ૪૦ કિ.મી. આવેલ એક સહકાર બેન્કમાં ઝાલોદનગરના વિવિધ યોજનાઓના વિકાસના કામો સંદર્ભમાં ઝાલોદ નગરપાલિકા દ્વારા આપવામાં આવેલા લાખ્ખો રૂપિયાના ચેકો જમા કરાવવામાં આવ્યા હતા અને આ નાણાં ફટાફટ ઉપાડી પણ લેવામાં આવ્યા હોવાના એક અજાણ ઈજારદાર ચહેરાઓના નામનો આ સરવાળો સંભળતઃ કરોડો રૂપીયામાં ફેરવાઈ ગયો હોવાની અત્યંત સ્ફોટક ગુફ્તેગુઓની ચર્ચાઓ ઝાલોદ નગર પાલિકામાં કેટલાંક સદસ્યોના અંદરખાને શરૂ થવા પામી છે, એમાં જો ઝાલોદ નગર પાલિકાના અહેવાલ બાદ દાહોદ જિલ્લા પોલીસ તંત્ર આ સત્ય આધારિત તપાસો હાથ ધરે તો ઝાલોદ નગરના ખર્ચાઓના ચોંકાવનારા રહસ્યો પણ બહાર આવવાની શક્યતાઓ દેખાઈ રહી છે જો કે, ઝાલોદથી અંદાજે ૪૦ કિ.મી. ના અંતરે દુર આવેલ આ એક સહકારી બેન્કમાં જમા થયેલા ઝાલોદ નગર પાલિકાના વિકાસના કામોના આ કરોડો રૂપિયાના સરવાળાઓના ચેકોની અત્યંત ગુફ્તેગુઓ સંભવતઃ એક અફવા પણ હોઈ શકે છે, પરંતુ ઝાલોદ પાલિકા સદસ્ય હિરેન પટેલના હાઈપ્રોફાઈલ બનેલા આ હત્યા કેસમાં દાહોદ જિલ્લા પોલીસ તંત્ર દ્વારા તપાસમાં કામે પુછપરછ માટે આપવામાં આવેલ સમન્સ સામે બે થી ત્રણ ચહેરાઓ હાજર થઈને જવાબો આપવાના બદલે દુર રહેવા માટે સમય પસાર કરી રહ્યા હોવાની બિન સત્તાવાર ચર્ચાઓ પણ ઝાલોદ નગર પાલિકા ફરતે કેન્દ્રીત થયેલ તપાસોની સમાંતરે સંભળાઈ રહી છે.

## દૈનિક રાશીફળ

તા.૩૦.૧૦.૨૦૨૦ શુક્રવાર

મેષ(અ.લ.ઈ.) :- ભાગીદારોને તમારે માર્ગદર્શન દેવું પડે નવું આયોજન લાભદાયક રહે વિજાતીય મિત્રતા ગાઢ બને.

વૃષભ(બ.વ.ઉ.) :- બીજાના કાર્યમાં ડખલગીરી નકરતા રોજીંદા કાર્યને વળગી રહેજો જુના મિત્રોની મુલાકાત લાભદાયક રહે.

મિથુન(ક.છ.ઘ.) :- સ્વાસ્થ્ય બાબત સુધારો રહે. સીઝનલ ધંધાર્થી લાભ હરીફો ઉપર વર્ચસ્વ વધવાનું રાજકારણમાં સફળતા.

કર્ક(ડ.હ.) :- વ્યવસાયમાં અનુકુળતાઓ વધવાની વિદેશથી પણ લાભ મલે. મહેનતનું ફળ મલવાનું લકઝરી ચીજવસ્તુની ખરીદી થાય.

સિંહ(મ.ટ.) :- નવા કોલ કરારોમાં સફળતા વાળો દિવસ રહે આવકનું પ્રમાણ વધવાનું ખાવા પીવામાં તકેદારી જરૂરી છે.

કન્યા(પ.ઠ.ણ.) :- શેર બજારમાં મોટા જોખમો ન લેવા કર્જ કરવાથી દૂર રહેજો ભાઈ-બહેનો સાથે સુમેળ વધવાનો પ્રવાસ થાય.

તુલા(ર.ત.) :- અગત્યના કાર્યોને સફળ થતા જોઈ શકશો નોકરીમાં લાભ અંગત જીવનમાં ધ્યાન દેજો પ્રવાસમાં જાળવવું.


વૃશ્ચિક(ન.ય.) :- તમારી મહેનતનું ફળ મલવાનું જીવના નવું જોમ જુસ્સો જોવા મલે. વિદેશ સાથેના ધંધામાં લાભ રહેવાનો.

ધન(ભ.ધ.ફ.ઢ.) :- ફીલ ગુડ વાળો દિવસ રહેવાનો નોકરીમાં લાભ મનગમતું કાર્ય મલે. હરીફોથી પણ લાભ રહેશે આર્થિક લાભ.

મકર(ખ.જ.) :- અંગત જીવનમાં અપસેટ રહેવાને લઈને રોજીંદા કાર્યમાં અવરોધો રહે. ગુસ્સા ટાળજો - મિલ્કતથી લાભ રહેશે.

કુંભ(ગ.શ.સ.) :- યોગ્ય પ્રયત્નો જરૂર સફળતા અપાવશે. નવી યોજના લાભ દાયક રહેવાની લકઝરી ચીજ વસ્તુથી લાભ.

મીન(દ.ચ.ઝ.) :- સ્વાસ્થ્ય જાળવવું ભાગીદારોને સાથે સહકાર દેવો મિત્રો સાથે વ્યવસાયની ચર્ચા થાય નવી ઓળખાણ થાય.


સત્યમેવ જયતે
ગુજરાત સરકાર
Gujarat Tourism
STATUE OF UNITY
ગુજરાતના પનોતા પુત્ર અને દેશના લોકપ્રિય
પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્ર મોદીનું
ગુજરાત હાર્દિક સ્વાગત કરે છે
સ્ટેચ્યુ ઓફ યુનિટીની સુંદરતામાં નવા છોગા ઉમેરાશે
કેવડિયા ખાતે નવા ટુરિસ્ટ આકર્ષણોનું ઉદ્ઘાટન કરશે
પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્ર મોદી
તારીખઃ– ૩૦ ઓક્ટોબર, ૨૦૨૦.
કેવડિયા : વિકાસ, કુદરત, પર્યાવરણ અને પ્રવાસનનો અદભૂત સંગમ
UNITY GLOW GARDEN
ગ્લો ગાર્ડન
એકતા ક્રૂઝ (ફેરી બોટ)
આરોગ્ય વન
CHILDREN NUTRITION PARK
ચિલ્ડ્રન ન્યુટ્રીશીયન પાર્ક
જંગલ સફારી અને ડોમ એવિએરી
EKTA MALL
UNITY IN HANDICRAFTS DIVERSITY
એકતા મોલ
CACTUS GARDEN
કેક્ટસ ગાર્ડન
EKTA NURSERY
એકતા નર્સરી
એકતા દ્વારથી ગ્લો ગાર્ડન સુધીના
ડેકોરેટીવ લાઇટ્સ
સ્ટેચ્યુ ઓફ યુનિટી આજે વિશ્વભરના પ્રવાસીઓ માટે આકર્ષણનું કેન્દ્ર બન્યું છે અને તેનાથી
ગુજરાતના ટુરિઝમ સેક્ટરને બહુ મોટો લાભ થઈ રહ્યો છે
- શ્રી નીતિનભાઈ પટેલ, નાયબ મુખ્યમંત્રી, ગુજરાત.

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

પંચમહાલ સમાચાર

# હાલોલ GIDCમાં આવેલી કંપનીએ ૩૦૦ કર્મચારીઓને દિવાળી પર્વ પહેલા છુટા કરતા ઉહાપોહ






ગોધરા,
હાલોલ જી.આઈ.ડી.સી.માં સીટ કવર બનાવતી કંપનીએ સવારે હાજર થયેલ અંદાજીત ૩૦૦ કાયમી કામદારોને છુટા કરવા કોઈપણ નોટીસ વિના દિવાળીના તહેવાર નિમિતે અન્યાય અનુભવી રહ્યા છે. કોઈપણ જાતની નોટીસ પાઠવ્યા વિના સવારે આવેલા કર્મચારીઓને બેરોજગાર બનાવવા ષડયંત્ર અજમાવવામાં આવ્યું. હવે આ કર્મચારીઓ કાયદાકીય રીતે શરણું લેવાનું વિચાર રહ્યા છે.

પંચમહાલ જીલ્લો એક ખેતી લાયક જમીન ધરાવે છે. અને હાલોલમાં આવેલી જી.આઈ.ડી.સી.માં અનેક યુનિટ આવેલા છે. આ યુનિટ ધરાવનાર સીટ કવર બનાવનાર કંપની લીયર છે. જેમાં અંદાજીત ૩૦૦ ઉપરાંત કર્મચારીઓ કામ ધંધોને રોજગારી મેળવી રહ્યા છે. આ સીટ કવર બનાવનાર કંપની લીયરમાં અંદાજીત ૩૦૦ ઉપરાંત કર્મચારીઓ પોતાની રોજગારી મેળવી રહ્યા હતા. આ કંપનીમાં સામે દિવાળીના તહેવારો નજીક હતા. ત્યારે આ કંપનીમાં સવારે આ કર્મચારીઓ પોતાની હાજરી ભરાવવા પહોંચ્યા હતા. પોતાની હાજરી ભરાવવા પહોંચેલા ૩૦૦ ઉપરાંતના કર્મચારીઓ સવારે HR મેનેજરે કોઈપણ નોટીસ પાઠવ્યા વિના એકાએક મૌખિક તેઓને છુટા કરવાનું જણાવીને બેરોજગાર બનાવ્યા હતા.કોઈપણ જાતની નોટીસ પાઠવ્યા વિના તેઓને નોકરીમાંથી કાઢી મૂકવાનું કાવતરું અજમાવ્યું હતું. આ કંપનીના માલીક આ દિવસોમાં કર્મચારીઓની સુખ-દુઃખમાં ભાગીદાર બનવાને બદલે કંપની ઉપર પહોંચ્યા નથી.

હાલોલ જી.આઈ.ડી.સી.માં આવેલી આ કંપનીના મેનેજરે બારોબાર ૩૦૦ ઉપરાંત કર્મચારીઓને છુટા કરવામાં આવ્યા છે. આ હાલોલમાં આવેલી નામાંકીત કંપનીમાં કોઈપણ કારણ વિના છુટા કરાયેલા કર્મચારીઓ બેરોજગાર બન્યા છે. બેરોજગાર બનેલા કર્મચારીઓ આ કંપની પાસે રોજગારી માંગવા છતાં તેઓને રોજગારી આપવામાં અક્ષમ છે. હાલોલ જી.આઈ.ડી.સી.માં આવેલી સીટ કવર બનાવનાર કંપનીએ કોઈપણ કારણ દર્શક નોટીસ વિના તેઓને છુટા કરવામાં આવતા તેઓ બેરોજગાર બન્યા છે. આ પાછળ કંપનીના માલિકે પોતાની સ્વાર્થવૃતી રાખીને તહેવાર પૂર્વે બેરોજગાર બન્યા છે.સવારે આવેલા કર્મચારીઓને કોઈપણ જાતની નોટીસ પાઠવ્યા વિના તેઓને બેરોજગાર બનાવવાનું ષડયંત્ર અજમાવીને અન્યાય અનુભવી રહ્યા છે. અગામી સમયમાં તેઓ કાયદાકીય રીતે પગલું ભરવાનું વિચારી રહ્યા છે.

**- કોઈપણ જાતની નોટીસ આપ્યા વિના એકાએક છુટા કરવાની કામગીરી અન્યાયરૂપ.**
**- સવારે આવેલા કર્મચારીઓ બેરોજગાર બન્યા.**

લિયર કોર્પોરેશન ના 300 થી વધુ કર્મચારીઓને દિવાળી ના તહેવારના સમયે જ કંપની સંચાલકોએ અચાનક જ છુટા કરવાનો આદેશ કરતા કંપનીમાં કામ કરતાં કર્મીઓમાં નિરાશા સાથે સોપો પડી ગયો હતો ત્યારે કેટલાક કર્મચારીઓએ કંપની સંચાલકો તેમજ સરકાર સામે પોતાનો વાંધો ઉઠાવ્યો હતો. ત્યારે લિયર કોર્પોરેશન કંપનીમાં કામ કરતાં કર્મીઓને એકાએક છુટા કરી દેવાતા કર્મીઓ ની હાલત કફોડી બની છે.

### કર્મચારીઓ : કાયદાકીય શરણું લેશું ?

હાલોલ જી.આઈ.ડી.સી.માં આવેલી કંપનીએ 300 ઉપરાંત કર્મચારીઓને કારણ વિના નોટીસ આપ્યા વિના તેઓને છુટા કર્યા છે. આ છુટા કરાયેલા કર્મચારીઓ દિવાળીના તહેવારોમાં બેરોજગાર બન્યા છે. બેરોજગાર બનેલા કર્મચારીઓ કાયદાકીય રીતે શરણું લઈને કોર્ટ કાર્યવાહી કરવાનું વિચારી રહ્યા છે. લેબર કોર્ટમાં પહોંચનાર આ કર્મચારીઓ દિવાળી પૂર્વે સ્ટે લાવીને વિજય બનાર છે.

# ગોધરા શહેરા ભાગોળ રેલ્વે અન્ડર બ્રીજના અટવાયેલ પ્રોજેક્ટ સંદર્ભે જીલ્લા કલેકટરે સ્થળ મુલાકાત લીધી


તસ્વીર : કમલ પંચાલ, ગોધરા

ગોધરા,
ગોધરા નગરના શહેરા ભાગોળ રેલ્વે ફાટક ભુરાવાવ વિસ્તાર તેમજ ગ્રામ્ય વિસ્તારોને બજાર સાથે જોડતા મુખ્ય માર્ગ છે. શહેરા ભાગોળ રેલ્વે ફાટક મુંબઈ-દિલ્હી રેલ્વે લાઈન ઉપર આવેલ હોવાથી આ રેલ્વે ટ્રેક ઉપર દિવસ દરમ્યાન હજારો ટ્રેનોની અવર-જવર રહેતી હોય છે.જેને લઈ રેલ્વે ફાટક બંધ રહેતી હોય તેને લઈ ટ્રાફિકની ભારે સમસ્યા જોવા મળી રહી છે. શહેરા ભાગોળ રેલ્વે ફાટકના સ્થાને અન્ડર બ્રીજ માટે રેલ્વે વિભાગમાં અવારનવારની રજુઆતો બાદ મંજુર પણ આપી દેવામાં આવી હતી. તેમ છતાં અન્ડર બ્રીજની ડીઝાઈનને લઈને આ પ્રોજેકટ અટવાઈ પડયો છે. જેને લઈ પંચમહાલ જીલ્લા કલેકટર દ્વારા આર એન્ડ બી વિભાગના ઈજનેરો તેમજ પાલિકાના ઉચ્ચ અધિકારીઓ સાથે રાખી ગત રોજ શહેરા ભાગોળ ફાટકની મુલાકાત લીધી હતી અને ટ્રાફિકની સમસ્યાના કાયમી ઉકેલ માટે અટવાઈ પડેલ રેલ્વે અન્ડર બ્રીજના કામગીરીની સમીક્ષા કરી હતી તેમજ જે રેલ્વે અન્ડર બ્રીજની કામગીરી ડીઝાઈનને લઈ અટવાઈ છે. તે ડીઝાઈન સુધારવાની કામગીરી પુરી કરવા સુચનો કરવામાં આવ્યા છે.

ગોધરા શહેરનો પ્રતિદિન થઈ રહેલી વિકાસની સાથે શહેરા ભાગોળ થી મુખ્ય બજાર સુધીનો વિસ્તાર તેમજ ભુરાવાવ થી એસ.આર.પી. નગર સુધી સાંપા રોડ ગોવિંદી સુધી રામનગર એસ.ટી.નગર સુધીના તમામ વિસ્તારોના લોકોની અવરજવાર માટે શહેરા ભાગોળ રેલ્વે ફાટકવાળા માર્ગ રહીશો માટે સુવિધાજનક રહે છે. શહેરા ભાગોળ ફાટક મુંબઈ-દિલ્હી મુખ્ય રેલ્વે લાઈનને જોડતો ટ્રેક હોવાને લઈ દિવસ દરમ્યાન હજાર ટ્રેનોની અવરજવર રહેતી હોય છે. જેને લઈ મોટાભાગે રેલ્વે ફાટક બંધ રહે છે. ટ્રેન પસાર થયા બાદ માંડ માંડ પાંચ મીનીટ માટે ફાટક ખુલતી અને બંધ થતી હોવાને લઈ આ ફાટક વિસ્તારના શહેરા ભાગોળ પેટ્રોલ પંપ અને પાવર હાઉસ તરફના ભાગે વાહનોની લાંબી કતારો જોવા મળે છે. આમ ફાટક બંધ રહેવાને લઈ ટ્રાફિકની ભારે સમસ્યા રહેતી હોય છે. શહેરા ભાગોળ રેલ્વે ફાટકના સ્થાને ઓવર બ્રીજ કે અન્ડર બ્રીજ બનાવવામાં આવે તેવી રાજકીય પક્ષોના આગેવાનો દ્વારા અવારનવાર કરવામાં આવી હતી. જેને લઈ ગોધરા શહેરા ભાગોળ રેલ્વે ફાટકના સ્થાને રેલ્વે અન્ડર બ્રીજ બનાવવાની મંજુરી રેલ્વે વિભાગ દ્વારા આપવામાં આવી હતી. રેલ્વે બ્રીજની મંજુરી મળતા રાજ્ય સરકાર દ્વારા અન્ડર બ્રીજના માટે ગ્રાન્ટ પણ ફાળવી દેવામા આવી હતી પરંતુ રેલ્વે વિભાગ દ્વારા અન્ડર બ્રીજની કામગીરી ડીઝાઈનને લઈ અટકાવી હતી. અને નવેસર થી અન્ડર બ્રીજની ડીઝાઈન તૈયાર કરવા માટે નગર પાલિકામાં મોકલી આપવામાં આવી હતી. જેની આજદિન સુધી નગર પાલિકા દ્વારા કાર્યવાહી કરવામાં આવી કે કેમ તે જાણી શકાયું નથી. ગોધરા શહેરા ભાગોળ રેલ્વે ફાટક ખાતે ટ્રાફિકની ભારે સમસ્યાના પ્રશ્નને લઈ જીલ્લા કલેકટર દ્વારા શહેરા ભાગોળ ફાટકની મુલાકાત આર એન્ડ બી વિભાગના ઈજનેરો અને પાલિકાના અધિકારીઓ સાથે રાખીને લીધી હતી અને શહેરા ભાગોળ રેલ્વે અન્ડર બ્રીજની કામગીરી જે ડીઝાઈનને લઈ અટવાઈ ને ખોરંભે ચડી છે. તેનો ઉકેલ લાવવાના પ્રયત્નો હાથ ધર્યા છે. જીલ્લા કલેકટર દ્વારા આર એન્ડ બી ઈજનેરો તેમજ નગર પાલિકાના અધિકારીઓને શહેરા ભાગોળ રેલ્વે અન્ડર બ્રીજની ડીઝાઈન નવેસરથી નકશો તૈયાર કરી રેલ્વે વિભાગની મંજુરી મેળવીને રેલ્વે અન્ડર બ્રીજની કામગીરી વહેલી તકે પુરી કરવામાં આવે તે દિશામાં સુચનો કર્યા છે.

**- આર એન્ડ બી અને પાલિકા અધિકારીઓને ડીઝાઈનને લઈ અટવાયેલ અન્ડર બ્રીજની કામગીરી પુરી કરવા નવી ડીઝાઈન બનાવવા સુચન.**
**- રાજ્ય સરકાર દ્વારા શહેરા ભાગોળ અન્ડર બ્રીજ માટે ગ્રાન્ટ પણ ફળવાઈ હતી પરંતુ ડીઝાઈનને લઈ કામગીરી થઈ શકી નહિ.**
**- શહેરા ભાગોળ રેલ્વે ફાટક પણ અન્ડર બ્રીજ બને તો લોકોને ખૂબ રાહત થાય અને ટ્રાફિકની સમસ્યા હળવી બને.**

# જીલ્લા કલેકટરના અધ્યક્ષ સ્થાને ગોધરા નેહરૂ યુવા કેન્દ્ર સલાહકાર સમિતિની બેઠક યોજાઈ




ગોધરા,
ગોધરા કલેકટર કચેરી ખાતે નિવાસી અધિક કલેકટર એલ. બી. બામણીયાના અધ્યક્ષ સ્થાને તારીખ ૨૮-૧૦-૨૦૨૦ના રોજ નેહરૂ યુવા કેન્દ્રની જીલ્લા સલાહકાર સમિતિની બેઠક યોજાઈ હતી.આ બેઠકમાં નેહરૂ યુવા કેન્દ્ર ગોધરા ના જીલ્લા યુવા સંયોજક વિઠલ ચોરમલ દ્વારા ૨૦૨૦-૨૧ ના વર્ષ દરમિયાન કરવાની વાર્ષિક કામગીરી અંગેની રૂપરેખા રજુ કરી હતી. જેમાં ગ્રામ્ય કક્ષાએ યુવા વિકાસ મંડળોને સક્રિય બનાવવા જીલ્લા તાલુકા અને ગ્રામ્ય ક્ષાએ રમત ગમત સ્પર્ધાઓનું આયોજન કરવું.વર્તમાન કોરોના મહામારી અંગેની સરકારની ગાઈડ લાઈન મુજબ લોકોમાં જાગૃતિ કેળવવા કાર્યક્રમો હાથધરવા, જીવન કૌશલ્ય તાલીમ અને જીલ્લા સંસ્કૃતિક કાર્યક્રમો તથા શિબિરોનું આયોજન કરવું, દરેક ગામમાં સ્વચ્છતા અંગેની જાણકારી તથા જળ જાગૃતિ અભિયાનના કાર્યક્રમો કરવા. રાષ્ટ્રીય અને આંતર રાષ્ટ્રીય દિવસો જેવા કે ગાંધી જયંતી, સરદાર પટેલ જયંતી, નેહરૂ યુવા સ્થાપના દિવસ, સ્વામી વિવેકાનંદજયંતીની ઉજવણી અંગેનું આયોજન કરવું. જીલ્લા યુવા સંમેલનનું આયોજન, જીલ્લામાં શ્રેષ્ઠ યુવાપ્રવૃતિઓમાં કાર્યરત યુવા મંડળોને એવોર્ડ વિતરણ જેવી પ્રવૃતિઓ કરવામાં આવશે.આ બેઠક માં નિવાસી અધિક કલેકટર એલ. બી. બામણીયા જણાવ્યું હતું કે, નેહરૂ યુવા કેન્દ્ર દ્વારાકરવામાં આવનાર કામગીરીમાં સરકારની કોરોનાની ગાઈડ લાઈન મુજબ ગામો માં આ કાર્યક્રમોનુંઆયોજન થાય એ સુનિશ્ચિત કરવું. ડીજીટલ યોજનાઓ અંગેની જાણકારી ખેડૂત મિત્રોને મળી રહે તેપ્રકારનું આયોજન કરવા સુચન કર્યું હતું. તેમજ ગોધરા ખાતે ચાલતી સ્વૈચ્છિક સંસ્થાઓને સાથે રાખી કામગીરી કરવા જવાવ્યું હતું. આ બેઠકમાં ચર્ચા તથા સર્વ સમંતિથી કાર્ય યોજના ૨૦૨૦-૨૧ ના વર્ષ માટે સંમતી આપવામાં આવી હતી.

આ બેઠકમાં જીલ્લા રોજગાર અધિકારી, સ્કીલ ડેવલોપમેન્ટ અધિકારી, સિવિલ સર્જન, રમત-ગમતઅધિકારી, પ્રોજેકટક્ષઓફિસર નડીઆરડીએ, નેહરૂ યુવા કેન્દ્રના લેખાગાર અનીતા વર્મા, ડીજીનોમીનીમનીશભાઈ સોની તથા કુલદીપસિહ સોલંકી, યુથ લીડર-સંજય પરમાર, રામુ વણઝારા, રાષ્ટ્રીય સેવા કર્મી- અપેક્ષા બારિઆ હાજર રહ્યા હતા.

## પલાસા પ્રાથમિક શાળા ખાતે વય નિવૃત્ત થતા વિદાય સમારંભ યોજાયો


તસ્વીર : યોગેશ કનોજીયા, ઘોઘંબા

ઘોઘંબા,
પલાસા પ્રાથમિક શાળામાં છેલ્લા ચાર વર્ષ થી ફરજ બજાવતા પીંગળી ગામના વતની હમીરસિંહ રાયસિંહ સોલંકી જેઓ એક ઉતમ શિક્ષક તરીકે ઘોઘંબા અને કાલોલની શાળામાં સતત શિક્ષણ કાર્ય કરી બાળદેવોને જ્ઞાનથી સમૃદ્ધ કર્યા એજ એમનો સાચો વિદાય વેળા કહેવાય આ પ્રસંગે શાળાના આચાર્ય ચિરાગભાઈ તથા તેમના શિક્ષક સ્ટાફે પુસ્તક ભેટ આપી મોમેન્ટો તથા સાલથી સન્માન કર્યું હતું.

આ નિમિતે તેમના ધર્મ પત્ની સુશીલાબેન હાજર રહ્યા હતા અને તેમના દિકરા રીકેશ તથા સુરપાલ સમસ્ત પરિવાર હાજર રહ્યા હતા. વધુમાં સાહિત્યકાર ,કવિ, લેખક વિજય વનકરે તેમજ યુવા કાર્યકર સંજય જાદવે સાલ અને પુષ્પ ગુચ્છ આપી સન્માન કર્યું હતું આ બાબતે હર્ષનાં આસું તો લાગણીનું પોત સમસ્ત સ્ટાફે વ્યકત કર્યું હતું. કોરોના મહામારી ને ધ્યાન માં રાખી, સોશિયલ ડિસ્ટન્સને કેન્દ્રમાં રાખી કાર્યક્રમ પુર્ણ જાહેર કર્યો હતો.

## પંચમહાલ જીલ્લા પુરવઠા અધિકારીએ મિઠાઈ ફરસાણમાં ઉત્પાદકો સાથે મીટીંગ યોજી મિઠાઈના ભાવ નકકી કર્યા



ગોધરા,
દિવાળીને ધ્યાનમાં રાખી મિઠાઈ-ફરસાણના ઉત્પાદકો સાથે બેઠક યોજતા જિલ્લા પુરવઠા અધિકારી જનતા મિઠાઈ પ્રતિ કિલો રૂ. ૪૦૦/- અને જનતા ફરસાણ પ્રતિ કિલો રૂ. ૨૨૦/-ના દરે ઉપલબ્ધ કરાવાશે.

દિવાળીને ધ્યાનમાં રાખીને જિલ્લા પુરવઠા વિભાગ દ્વારા મિઠાઈ-ફરસાણના ઉત્પાદનકારો અને વિક્રેતાઓ સાથે જિલ્લા સેવાસદન, ગોધરા ખાતે એક બેઠક યોજવામાં આવી હતી. જિલ્લા પુરવઠા અધિકારી એન.બી. રાજપૂતના અધ્યક્ષસ્થાને યોજાયેલ આ બેઠકમાં ગોધરા સહિત જિલ્લાના મિઠાઈ-ફરસાણના ઉત્પાદકો અને વેચાણકારો સામેલ થયા હતા. બેઠકમાં તહેવારો દરમિયાન જરૂરતમંદોને મિઠાઈ-ફરસાણ યોગ્ય દરો પર મળી રહે તે માટે જનતા મિઠાઈ પ્રતિ કિલોના રૂ. ૪૦૦/-ના દરે અને જનતા ફરસાણ પ્રતિ કિલો રૂ. ૨૨૦/-ના દરે મળી રહે તેમ વેચાણ કરવા નક્કી કરાયું હતું. વિક્રેતાઓએ જણાવ્યું હતું કે તેઓ અગિયારસથી દરેક સ્થળે તેનું વેચાણ શરૂ કરાશે. આ ઉપરાંત, નવા નિયમો અનુસાર દરેક મિઠાઈ પર તેની એકસપાયરી ડેટની વિગતો લખેલી હોય તે સુનિશ્ચિત કરવા પણ સૂચના આપવામાં આવી હતી.

## શહેરાના સગરાડા ગામે ઉભા પાકમાં ભેંસો ચરાવવાનું ના પાડતા મારમારતા ફરિયાદ

શહેરા,
શહેરા તાલુકાના સગરાડા ગામે ઉભા પાકમાં ભેંસો ચરાવતા હોય ના પાડતા આરોપીએ ઉશ્કેરાઈ જઈ લાકડી વડે મારામારતાં શહેરા પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ.

પ્રાપ્ત વિગતો પ્રમાણે શહેરા તાલુકાના સગરાડા ગામે રહેતા ગીરવતભાઈ અખમભાઈ પટેલીયાના ખેતરમાં ડાંગર અને બંટીનો પાક ઉભો હતો. તેમ છતાં આરોપી મનુભાઈ ડાહ્યાભાઈ ગઢવી પોતાની ભેંસો ખેતરમાં ચરાવતો હોય જેને લઈ મનુભાઈ ગઢવી એ પોતાના હાથમાં રાખેલ લાકડી વડે મારમારતાં આ બાબતે શહેરા પોલસી મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

## પંચમહાલ જીલ્લામાં આજે ૧૨ કોરોના પોઝીટીવ કેસ નોંધાતા કુલ આંક ૨૭૫૯ થયો

ગોધરા,
પંચમહાલ જીલ્લામાં કોરોના કહેર યથાવત રહેવા પામ્યો છે. જીલ્લામાં આજરોજ વધુ ૧૨ પોઝીટીવ કેસ નોંધાવા પામ્યા છે. નવા ૧૨ પોઝીટીવ કેસ સાથે અત્યાર સુધીનો કુલ આંક ૨૭૫૯ થવા પામ્યો છે.

પંચમહાલ જીલ્લામાં કોરોના એ ભરડો લીધો હોય તેવી સ્થિતી નિર્માણ થઈ છે. જીલ્લામાં વધતો જતાં કોરોના પોઝીટીવ આંક ચિંતાનો વિષય બન્યો છે. પંચમહાલ જીલ્લામાં વધુ ૧૨ પોઝીટીવ કેસ નોંધાવા પામ્યો છે. તેમાં ગોધરામાં-૦૫, હાલોલ-૦૫,કાલોલ-૦૧,શહેરા-૦૧ કેસ નોંધાવા પામ્યો છે. જીલ્લામાં કોરોના પોઝીટીવ કેસ નોંધાઈ રહ્યા છે. તેવા વિસ્તારોમાં આરોગ્ય વિભાગ દ્વારા સેમ્પલ લેવાની તેમજ સર્વેની કામગીરીમાં ગતિ લાવવામાં આવી છે. પંચમહાલ જીલ્લામાં વધતા કોરોના પોઝીટીવ કેસને લઈ જીલ્લા વહીવટી તંત્ર અને આરોગ્ય તંત્ર સર્તક બન્યું છે. પોઝીટીવ કેસ નોંધાયા તેવા વિસ્તારોમાં હોમ કોરોન્ટાઈન તેમજ માઈક્રો કન્ટેનમેન્ટ કરવામાં આવ્યા છે.

**- ૧૦ દર્દી સાજા થતાં રજા અપાઈ.**
**- એકટીવ કેસ ૧૧૩.**
**- મૃત્યુ આંક - ૧૨૦.**

## દાહોદ જીલ્લામાં આજે ૩ કોરોના પોઝીટીવ કેસ નોંધાયા

દાહોદ,
દાહોદમાં આજે વધુ ૦૩ કોરોના પોઝીટીવ કેસોની સંખ્યા સાથે દાહોદ જિલ્લામાં કોરોનાનો કુલ આંકડો ૧૭૯૭ ને પાર પહોંચ્યો છે.

આર.ટી.પી.સી.આર.ના ૨૬૫ પૈકી આજે એક પણ કોરોના પોઝિટિવ કેસ નોંધાયો નથી ત્યારે રેપિડ ટેસ્ટ ના ૧૮૨૯ પૈકી ૦૩ કોરોના પોઝીટીવ કેસો સામે આવ્યા છે. આ ૦૩ કેસો પૈકી દાહોદમાંથી ૦૧ અને દેવગઢબારિયામાંથી ૦૨ કેસોનો સમાવેશ થાય છે. આજે વધુ ૦૬ દર્દીઓને હોસ્પિટલમાંથી રજા આપતા એકટીવ કેસની સંખ્યા ૬૨ રહેવા પામી છે ત્યારે અત્યાર સુધી કોરોનાથી મૃત્યુ પામનાર લોકોની સંખ્યા ૭૪ ને પાર પહોંચી ગઈ છે.

**જીલ્લા જળ અને સ્વચ્છતા એકમ, મહીસાગર**
**જાહેર નિવિદા નં-૫ સને-૨૦૨૦-૨૧**

ટેન્ડર આઈ.ડી. નં. **430520, 430522, 433092, 433093, 433095 To 433099, 433101 To 433106, 433108, 433110, 433112 To 433115, 433117 To 433119, 433123, 433122**(બીજો પ્રયત્ન).

યુનિટ મેનેજર શ્રી, જીલ્લા જળ અને સ્વચ્છતા એકમ, મહીસાગર વાસ્મો, ૯૪૧/૧, વૈભવનગર, ગેસ ગોડાઉનની પારો, પોલીસ લાઈન રોડ, લુણાવાડા, જીલ્લો-મહિસાગર-૩૮૯૧૫૩, ફોન નં.૭૫૭૪૮૩૪૫૭૨, ૯૭૧૨૯૯૭૪૩૭ ધ્વારા નીચેના કામ માટે ઇ-ટેન્ડરીંગ પધ્ધતિથી ઓનલાઇન ટેન્ડરો માંગવામાં આવે છે. (૧) કામનું નામ-મહીસાગર જીલ્લાના જુદા જુદા ૨૬ ગામોમાં ગ્રામ્ય પાણી પુરવઠા યોજનાનાં આંતરીક વિતરણ વ્યવસ્થાના કામો (૨) કુલ ૨૬ કામની કુલ અંદાજીત રકમ રૂ।.૬૩૩.૯૯ લાખ (૪) ઓનલાઇન ટેન્ડર ડોકયુમેન્ટ સ્કેન કરી અપલોડ કરવાની અને ઓનલાઇન ભાવો ભરવાની છેલ્લી તારીખ-૧૯/૧૧/૨૦૨૦ ૧૮.૦૦ કલાક સુધી (૫) ટેન્ડરની સાથે ટેન્ડર ફી, બાનાની રકમ, રજીસ્ટ્રેશનની કોપી, રૂ.૩૦૦ ના સ્ટેમ્પનું એફીડેવીટ, જી.એસ.ટી રજીસ્ટ્રેશન, પાન કાર્ડ તેમજ છેલ્લા ત્રણ વર્ષ પૈકી કોઇપણ બે વર્ષના આઇ.ટી રીટર્ન સર્ટીફીકેટ અલગ અલગ કવરમાં ટેન્ડર વાઈઝ સાદર કરવા. રજુ કરવાનો સમયગાળો ૨૦/૧૧/૨૦૨૦ સુધીમાં રજીસ્ટર.પોસ્ટ.એડી/સ્પીડ પોસ્ટ/રૂબરૂથી સ્વીકારવામાં આવશે. (૬) બાનાની રકમ માટે બાના મુકિત પ્રમાણપત્ર સ્વિકારવામાં આવશે નહી. (૩) નોંધ-ટેન્ડરની એક બીડ સીસ્ટમ છે. જે એજન્સી માર્ગ અને મકાન અથવા સિંચાઇ વીભાગ દ્વારા સક્ષમ પાત્રતા અને યોગ્ય શ્રેણી ધરાવતા હોય તેઓના પ્રાઇસબીડ ખોલવાપાત્ર રહેશે. ઉકત કામગીરીના ઇ-ટેન્ડરો વેબસાઇટ **http//gwssb.nprocure.com** ઉપરથી મળશે અને આ સાઇટ ઉપર ઓનલાઇન ભરવાના રહેશે. ટેન્ડર અંગેની વધુ માહિતી ઉપરોકત વેબસાઇટ ઉપર મુકવામાં આવેલ છે. ટેન્ડરને મંજુર કે ના મંજુર કરવાની સત્તા સક્ષમ અધિકારીશ્રી પાસે અબાદીત રાખેલ છે.

ગ્રામ્ય વિસ્તારના પીવાના પાણીની સમસ્યા અંગે ગુ.પા.પુ. અને ગ.વ્ય.બોર્ડ, નો હેલ્પ લાઇન નંબર-૧૯૧૬ ઉપર જનતાએ સંપર્ક કરવો.

**યુનિટ મેનેજરશ્રી,**
**જીલ્લા જળ અને સ્વચ્છતા એકમ,**
**મહિસાગર, લુણાવાડા**

(જિમાક/ગોધરા/૩૭૯/૨૦૨૦)

**ઓન લાઈન ટેન્ડરીંગ**
**માર્ગ અને મકાન વિભાગ**
**જાહેર નિવિદા-એસકે/૦૧ સને : ૨૦૨૦-૨૧**
**ગુજરાત સરકાર**

ગુજરાત રાજયના રાજયપાલશ્રીના વતી કાર્યપાલક ઈજનેર શ્રી, મા.અને મ. વિભાગ, સિવિલ લાઈન્સ રોડ, બ્લડ બેંક પાછળ, ગોધરા-૩૮૯૦૦૧, જિ.પંચમહાલ, ફોન નં. (૦૨૬૭૨) ૨૪૩૪૨૧ દ્વારા ગોધરા તાલુકા મથકે ઝેરોક્ષની કામગીરી કરતાં ઈજારદારો/ઈસમો પાસેથી ઝેરોક્ષની કામગીરી અંગેના વાર્ષિક ભાવો ઓનલાઈન ટેન્ડરમાં મંગાવવામાં આવે છે.

પ્રસ્તુત કામ માટેના ટેન્ડર ડોકયુમેન્ટ **https://rnb.nprocure.com** પર તા.૧૨-૧૧-૨૦૨૦, ૧૨:૦૦ કલાક સુધી ઉપલબ્ધ રહેશે તથા ટેન્ડર સબમીશનની તા.૧૨-૧૧-૨૦૨૦, ૧૮:૦૦ કલાક સુધી રહેશે. જ્યારે કામના ઓનલાઈન ટેન્ડરમાં જણાવ્યા મુજબ ડોક્યુમેન્ટ ઈજારદારશ્રીએ રજી.પો.એ.ડી./સ્પીડ પોસ્ટથી તા.૧૨.૧૧.૨૦૨૦ થી તા.૧૯.૧૧.૨૦૨૦ ના રોજ સાંજના ૧૮:૦૦ કલાક સુધી મોકલવાનાં રહેશે.

વધુ વિગત માટે ઉપરોક્ત વેબસાઈટ અથવા રૂબરૂ કચેરીએ કચેરીના કામકાજના સમય દરમ્યાન સંપર્ક સાધવા વિનંતી.

(જિમાક/ગોધરા/૩૭૭/૨૦૨૦)

Published by Ajay Kantilal Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Modini Vadi No-1, Station Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Ajay Kantilal Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 24, No. 60